R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયુબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોલિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 50 DATE: 15-12-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

# રાજસ્થાન,મધ્યપ્રદેશ,છત્તીસગઢમાંથી વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસે બહુમત મેળવ્યો અને ભાજપ પાસેથી સત્તા આંચકી

૨૦૧૯ની લોકસભાની ચુંટણીઓ પહેલાં રાજકીય પક્ષોના શક્તિ પરિક્ષણ સમાન પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીમાં ભાજપના હાથમાંથી સત્તા સરકી ગઇ હતી.ઉત્તર ભારતમાં ભાજપના ગઢ સમાન મધ્યપ્રદેશ,રાજસ્થાન અને છત્તીસગઢમાં ભાજપને સત્તા ગુમાવવી પડી છે.દક્ષિણ ભારતમાં પગ પેસારા માટે એડીચોટીનું જોર લગાવ્યા છતાં ભાજપે તેલંગાણાંમાં પણ નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો છે.જ્યારે મિઝોરામમાં ભાજપના સાથી પક્ષ મનાતા એમએનએફ કોગ્રેસને પછાડી છે.મિઝોરામ અને તેલંગાણામાં ભાજપ અને કોંગ્રેસને જાકારો મળ્યો છે.

## રિઝર્વ બેન્કના ભુતપુર્વ ગર્વનર ઉર્જિત પટેલનું રાજીનામું અર્થવ્યવસ્થા માટે આંચકારુપ : મનમોહનસિંહ



દેશના પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આરબીઆઇના ગર્વનર ઉર્જિત પટેલના રાજીનામાને અર્થ વ્યવસ્થા માટે એક મોટા આંચકા સમાન ગણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે હું આશા રાખું છું કે ઉર્જિત પટેલનું રાજીનામું વડા પ્રધાન મોદી દ્વારા દેશની અર્થ વ્યવસ્થાની સંસ્થાગત પાયાને નષ્ટ કરવાના પ્રયાસનો કારણે આવ્યું છે.એટલું જ નહીં તેમણે કહ્યુ કે અલ્પકાલિક રાજનીતિક લાભ માટે કોઈપણ સંસ્થાની સાથે આ પ્રકારથી કંઈક કરવું પુર્ણત : મુર્ખતાપુર્ણ નિર્ણય હશે.સરકારના દબાણને કારણે ઘણા અધિકારીઓ આ પ્રકારે દુર ગયા છે.

## વડા પ્રધાનના આર્થિક સલાહકાર પરિષદમાંથી સુરજિત ભલ્લાનું રાજીનામું

પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી સુરજિત ભલ્લાએ પ્રધાનમંત્રીના આર્થિક સલાહકાર પરિષદના પાર્ટ ટાઈમ સભ્યપદેથી પહેલી ડિસેમ્બરથી રાજીનામું આપી દીધું છે.ભલ્લાએ સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ટ્વિટર પર લખ્યુ હતું કે પીએમઈએસીના પાર્ટી ટાઈમ સભ્યપદેથી મે રાજીનામું આપી દીધું છે.

નીતિ આયોગના સભ્ય બિબેક દેબરોય ઈએસી પીએમના પ્રમુખ છે.તો અર્થશાસ્ત્રી રથિન રોય,આશિમા ગોયલ અને શમિકા રવિ તેમના અન્ય પાર્ટ ટાઈમ સભ્ય છે.યાદ રહે કે ૧૦ ડિસે. રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગર્વનર ઉર્જિત પટેલે પણ પોતના હોદ્દા પરથી  રાજીનામું આપી દીધું છે. તેમણે રાજીનામુમાં કારણ અંગત ગણાવ્યુ છે.નાણાંમંત્રી અરુણ જેટલીએ ઉર્જિત પટેલના રાજીનામા પ ર લખ્યું હતું કે સરકાર આરબીઆઈમાં ડો.ઉર્જિત પટેલની સેવા પ્રતિ આભાર વ્યક્ત કરે છે અને તેમના કામના વખાણ કરે છે.એ પણ મારા માટે ખુશીની વાત છે કે તેમની સાથે કામ કરવાની તક મળી. તેમણે ભવિષ્યમાં વધુ જાહેર સેવામાં કામ કરતાં રહેવા માટે શુભકામના પાઠવી હતી. જ્યારે વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરતાં લખ્યું કે ઉર્જિત પટેલ એક સમર્થ અને ઉંડી સમજવાળા અર્થશાસ્ત્રી છે.તેમને અર્થશાશ્ત્રમાં જોડાયેલી બાબતોમાં ઉંડી સમજ છે.તેમણે બેન્કીંગ પ્રણાલીમાં અનુશાશન સ્થાપિત કર્યુ અને નેતૃત્વથી આરબીઆઈમાં આર્થિક સ્થિરતા આવી છે.

ઉર્જિત પટેલના રાજીનામા બાદ અને વિધાનસભાના ચુંટણી પરિણામોના પગલે શરુઆતમાં તુટેલો સેન્સેક્સ બપોર પછી સુધારા પર હતો.સવારમાં શેરબજારમાં આ બેઉની અસરો જોવા મળી હતી.પાંચ રાજ્યોના ચુંટણી પરિણામો બાદ શેરબજારમાં ફરીથી મજબુતી જોવા મળી હતી.એજ રીતે નિફટીમાં પણ તેજી જોવા મળી હતી.

જો કે વડાપ્રધાનના અનેક સાથીઓ જેઓ દેશના અર્થતંત્ર સાથે જોડાયેલા છે તેઓ ધીમે ધીમે પોતાની સેવાઓ પાછી ખેચી રહ્યા છે. પરિણામે દેશની આર્થિક સમસ્યાઓ વકરે તેવા સંજોગો દેખાઈ રહ્યા છે.પરંતુ કેટલાક નવા પ્રકારના પગલાં લેવાશે તેવી વકીમાં અર્થતંત્રમાં થોડોક સુધારો દેખાય તેમ લાગે છે.

## રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના નવા ગર્વનર તરીકે ભુતપુર્વ નાણાં સચિવ શક્તિકાંત દાસની નિમણુંક કરાઇ

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા નવા ગર્વનર તરીકે ભુતપુર્વ નાણાં સચિવ શક્તિકાંત દાસની નિમણુંક કરવામાં આવી છે.રિઝર્વ બેન્કના ગર્વનર તરીકે આ પહેલાં ઉર્જિત પટેલ હતા જેમણે રાજીનામું આપતાં સરકારે આ નિમણુંક કરી છે.ઉર્જિત પટેલની મુદત ૨૦૧૯ના સપ્ટે.માં પુર્ણ થવાની હતી પરંતુ તેમણે તે પહેલાં રાજીનામું આપતાં  હવે શક્તિકાંત દાસની નિમણુંક કરવામાં આવી છે. ૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન દાસે આર્થિક બાબતોના સચિવ તરીકે કામગીરી બજાવી હતી.હાલમાં તેઓ ફાઈનાન્સ કમિશનના સભ્ય છે.અને જી-૨૦ સમિટમાં સરકારના પ્રતિનિધિ છે.સરકારે શરુમાં દાસને નાણાંમંત્રાલયમાં મહેસુલ વિભાગના વડા બનાવ્યા હતા.પરંતુ પાછળથી તેમને આર્થિક બાબતોનો હવાલો સોપ્યો હતો.જ્યાં તેમણે ૨૦૧૬માં વિવાદાસ્પદ નોટબંધીની ઝુંબેશના પ્રસારમાં મદદ કરી હતી.રિઝર્વ બેન્કના ગર્વનર તરીકે દાસે પોતાનો હોદ્દો સંભાળી લીધો છે.



રિઝર્વ બેન્ક પાસે રહેલી વધારાની મુડી સરકારને ટ્રાન્સફર કરવા બાબતે છેલ્લા કેટલાક સપ્તાહોથી બેન્ક અને સરકાર વચ્ચે ઘર્ષણ ચાલી રહ્યું છે. રિઝર્વ બેન્કના બોર્ડની બેઠક નિર્ધારિત હતી જેમાં સરકારના પ્રતિનિધિ રિઝર્વ બેન્કના માળખામાં ફેરફાર ઈચ્છે તેવી ધારણા હતી.પરંતુ આ મહત્વની બેઠક પહેલાં ઉર્જિત પટેલે રાજીનામું આપતાં સરકાર સાથેના મતભેદોની ચર્ચા થવાની શકયતા હતી.ઉર્જિત પટેલના અચાનક રાજીનામા અને પાંચ રાજ્યોની ચુંટણીમાં ભાજપના ધબડકાની અસરમાંથી શેરબજાર બહાર આવી ગયું છે. ઉર્જિત પટેલના રાજીનામા પુર્વે નીતિ આયોગના વાઈસ ચેરમેન અરવિંદ પાનગઢિયા અને મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે રાજીનામાં આપ્યા હતા. રિઝર્વ બેન્કના ૨૫માં ગર્વનર તરીકે દાસે કાર્યભાર સંભાળ્યો છે પણ હવે લોનની પુનરર્ચના,મુડી ઠાલવવા અને બેન્કોના ચોપડામાં ડુંબેલી કરજની રકમના રિઝોલ્યુશન માટે ડિફોલ્ટના આકરા ધોરણોને વળગી રહેવા જેવા પ્રશ્નો કે જેમાં સરકારે વધુ ઉદાર અભિગમ અપનાવ્યો છે તે બાબતે સરકાર તરફથી દબાણ સાથે નિપટવાનો સૌથી મોટો પડકાર દાસ સમક્ષ છે.

જો કે નાણાંમંત્રી અને વડાપ્રધાનના ખાસ વિશ્વાસુ અધિકારી તરીકે તેમની છાપ છે જેના કારણે હવે સરકારની સામે રિઝર્વ બેન્કમાં ધાર્યુ કામ સરકાર કરાવી શકશે. જે કારણોસર ઉર્જિત પટેલને રાજીનામું આપવું પડ્યું છે તે બાબતો હવે સરકાર માટે સરળ થઈ જ શે.કારણકે હવે કોઈ વિરોધ કરનાર રહ્યું નથી.

## રેપના કેસોમાં મીડીયા રિપોર્ટીંગ માટે દિશા-નિર્દેશ ઘટી કાઢવા માંગણી

સુપ્રીમ કોર્ટે બળાત્કાર અને યૌનહિંસા પીડીતોના નામ અને ઓળખ છતી નહી કરવાના નિર્દેશ આપતાં કહ્યુ કે એ ખુબજ દુર્ભાગ્યપુર્ણ છે કે આપણા સમાજમાં બળાત્કાર પીડીતાઓની સાથે અછુત જેવો વ્યવહાર કરાય છે.ન્યાયમુર્તિ મદન બી.લોકુરની અધ્યક્ષતાવાળી પીઠે પ્રીન્ટ તથા ઈલેક્ટ્રોનિક મીડીયાને નિર્દેશ આપ્યા હતા કે બળાત્કાર તથા યોનહિંસા પીડીતાની ઓળખ કોઈપણ રુપે થવી જોઈએ નહીં.ઉચ્ચતમ અદાલતે કહ્યુ કે પોલીસ બળાત્કાર અને યોન ઉત્પીડનના કેસોની એફઆઈઆર જાહેર ન કરે. આ કેસોમાં એવા કેસો પણ હોય છે  કે જેમાં આરોપી સગીર હોઈ શકે.આ અંગે કોર્ટને કહેવાયું હતું કે રેપના કિસ્સાઓમાં નિષ્પક્ષ સુનાવણી માટે પ્રેસની આઝાદી અને પીડીતના અધિકાર વચ્ચે સંતુલનની આવશ્યકતા છે.જયસિંહેએવો પણ દાવો કર્યો હતો કે અદાલતમાં આરોપ પત્ર દાખલ કરતાં પહેલા જ પોલીસ મીડીયાને માહિતી લીક કરે છે. તે જે ન્યાયતંત્રમાં  હસ્તક્ષેપ સમાન છે.ન્યાયમિત્રની ભુમિકા ભજવી રહેલા વરિષ્ટ અધિવક્તા ઈંદિરા જયસિહે એવી દલીલ કરી હતી કે અદાલતના વિચારાધીન કેસોમાં મીડીયા સમાંતર સુનાવણી કરી રહ્યુ હોય છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણી માટે એમ કહેવાતું કે ૨૦૧૯માં લોકસભાની થનારી ચુંટણીઓ માટેનું આ એક પરિણામલક્ષી પ્રથમ ચરણ કહેવાશે.આ ચુંટણીઓમાં જેનો હાથ ઉપર રહેશે તે આવનારી ચુંટણીઓમાં મેદાન મારી જશે તેવું મનાય છે. ખેર ૨૦૧૭માં રાહુલ ગાંધી કોગ્રેસના અધ્યક્ષ બન્યા હતા.રાહુલના નેતૃત્વમાં કોગ્રેસની આ પહેલી મોટી જીત છે.કોગ્રેસે ભાજપને રાજસ્થાન,છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાંથી સત્તા બહાર કરી દીધું છે.

દેશમાંથી કોગ્રેસની બાદબાકી કરવાની વાત કરનારા નેતાઓનો નશો ચકનાચુર થઇ ગયો છે.પપુ કહેનારા લોકોને હવે ખબર પડી કે પપુ પાસ થઇ ગયો છે.ગુજરાતમાં કોગ્રેસે આકરી ટક્કર આપી હતી. કર્ણાટકમાં એણે સરકાર બનાવી હતી. ગોવામાં બહુમતી હોવા છતાં સરકાર બનાવી ના શક્યા એ સિવાય રાહુલ ગાંધીનો કોગ્રેસમાં પોતાની પ્રતિભા ઉભી કરવા માટેનો પ્રયાસ કામયાબ નિવડ્યો તેની ના પાડી શકાય તેમ નથી.કોગ્રેસમુક્ત ભારતની વાતો કરનારા ભાજપી નેતાઓ હજુ પણ સ્વપ્ના રાચે છે. જો કે હવે આ સમય આત્મમંથનનો છે.જો કે રાહુલે કહ્યુ હતું કે અમારી લડત વિચારધારાની છે નહીં કે કોઈનાથી ભારત મુક્ત કરવાની .અમે કોઈને પણ ભારતમાંથી મુક્ત કરવા માંગતા નથી.૨૦૧૪ની લોકસભાની ચુંટણીની હાર તેમના માટે પથદર્શક બની. ખેર જે ભુલોમાંથી શીખે તે વિજયને વરે અને જે મદમાં અને તોરમાં મગ્ન જ રહે તેમને નાલેશી અને હાર મળે.

ભાજપની હાર પાછળ અનેક કારણો રહ્યા છે.નોટબંધી, જીએસટી, બેરોજગારી,ખેડુતોની સમસ્યા વિગેરે પ્રશ્નો તેમને નડ્યા છે. તેમણે પ્રચાર અને પ્રસાર દ્વારા લોકમત જીતવાનો પ્રયતન્ કર્યો તેમજ ભય ફેલાવવાનો પણ પ્રયત્ન તેમને હાર અપાવવામાં કામ કરી ગયો.મંદિર,ગૌમાંસ જેવા મુદ્દાઓ હવે લોકોનો આર્કષી શકે તેવા રહ્યા નથી.

## મંતવ્ય

વિધાનસભાની ચુંટણીઓના પરિણામ આવી ગયા.અને કોગ્રેસની ઘરવાપસી થઈ.તો ભાજપના વિકાસને પ્રજાએ તિંલાજલી આપી.ખરેખર લોકો બોલતા નહોતા અને શાંતિ ચિત્તે વિચારતા થયા પરિણામ એ આવ્યું કે કેટલાક શોરબકોર,પ્રચાર જાત જાતના એકબીજા પર આરોપો,આક્ષેપો,અને હલકી પ્રકારની ટિપ્પણીઓથી પ્રજા કંટાળી ગયેલી અને આખરે તેમણે કોગ્રેસને તક આપી. રાજસ્થાનમાં કેટલાક મત વિસ્તારોમાં જીતેલા ઉમેદવારો કરતાં નોટામાં પડેલા વોટોની સંખ્યા મોટી હતી.એટલે  લોકોને રોષ ભારે છે. તેઓ રાજકારણીઓથી ખફા તો જરુર છે તેમાં શક નથી. પરંતુ કમને પણ કોકને વોટ આપવો પડે તેવી સ્થિતિ છે.

પાંચ રાજ્યોના ચુંટણી પરિણામો પછી હવે અન્ય રાજ્યોમાં પણ તેના પડઘા પડવાના છે.કેટલાક ગુજરાત જેવા રાજ્યોમાં ભાજપની નેતાગીરી સામે નીચેના લોકોએ બુમો અને અસંતોષ વ્યક્ત કરવાનો જાહેરમાં ચાલુ કરી દીધો છે.અત્યાર સુધી શિસ્તના નામે દબાયેલ લોકો હવે મેદાનમાં આવી ગયા છે.એટલે ચારે બાજુથી ભાજપને ફટકો પડી રહ્યો છે. વડાપ્રધાન અને નાણાંમંત્રીની કાર્યશૈલીથી દુભાયેલા લોકો તેમને છોડી રહ્યા છે. કેટલાક અર્થશાસ્ત્રીઓ સરકારને છોડીને ચાલ્યા ગયા છે.સરકારને ચલાવવા માટે બેફામ ખર્ચને માટે રિઝર્વ બેન્કજ લુંટવી એવું ગણિત નક્કી કરાયું છે.તેવું રાજીનામું આપી છુટા થનારા આરબીઆઈના ગર્વનરના બળાપા કહે છે.નોટબંધીના નામે પ્રજાને લુંટી છે અને અમીરો અને કાળાબજારીયાના રુપીયા સફેદ નાણાંમાં પરિવર્તન કરી નંખાયા છે. તેવું માનનારો વર્ગ દેશમાં મોટી સંખ્યામાં વધી રહ્યો છે ત્યારે હવે ૨૦૧૯માં રામ મંદિંરના મુદ્દે ચુંટણીઓ જીતી લેવી ભાજપ માટે અઘરી સમસ્યા છે.જો કે તેમણે ધર્મના નામે,સાધુ સંતોનો સાથ મેળવવીને વેતરણી પાર કરવા માટેના પ્રયત્નો જારી રાખ્યા છે.હિદુ કટ્ટરતાવાદ ક્યાં સુધી તેમને પોષશે તે એક સવાલ છે છતાં દેશની જનતા આ બાબતે જાગશે નહીં ત્યાં સુધી આવા લોકો તરી જવાના એક સામાન્ય બાબત છે. દેશના નાગરિકોને મોઘવારી,બેરોજગારી જેવી અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એની તરફ કોઇનું ધ્યાન કેન્દ્રીત થતું નથી.દેશની પ્રજાએ હવે એવા લોકોની સરકાર બનાવવા તરફ લક્ષ્ય રાખવું જોઈએ કે જે તેમની સમસ્યાઓનુ સમાધાન આપ શકે. જગતનો તાત ગણાતો ખેડુત શ્રમ કરીને પણ પુરતુ કમાવી શકતો નથી અને આત્મહત્યા કરવી પડે તે કેટલું દુઃખદ છે.

રમણીક જે.પરમાર


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# ગૌહત્યાને મુદ્દે બુલંદશહેરમાં હિંસાનો ખેલ,એક પોલીસ ઇન્સ્પેક્ટરની હત્યા : ટોળાના નામે આંતક ફેલાવતા કટ્ટરવાદી પરિબળો



બુલંદશહેરમાં  ગૌહત્યાની શંકાસ્પદ ઘટના બનતાં શહેરમાં સ્થિતિ અરાજકતામાં બદલાઈ ગઈ હતી.હિંસક ટોળા અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં એક પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમારસિંહની હત્યા કરવામાં આવી હતી.તેઓ સ્યાના પોલીસ મથક ખાતે ફરજ બજાવી રહ્યા હતા. પોલીસસુત્રોના જણાવ્યા મુજબ કેટલાક જમણેરી સંગઠનો સ્થાનિકો સાથે મળીને ગૌહત્યાને નામે હિંસક બન્યા હતા ને ચિગરાવલી ગામે આતંક ફેલાવ્યો હતો.

પોલીસને મળેલી માહીતિ અનુસાર મઉ ગામના ખેતરોમાં ગૌવંશના અવશેષો મળી આવ્યા હતા. ગામના પુર્વ સરપંચે ૨૫ જેટલી ગાયોની હત્યા થઈ હોવાની જાણકારી આપી હતી.ઈન્સ્પેકટર સુબોધકુમારે સ્થળ પર જઈને ઉશ્કેરાયેલા લોકોને આશ્વાસન આપ્યું હતું અને યોગ્ય કાર્યવાહી કરવાની વાતે સમજાવતાં કેટલાક ગ્રામીણો માની ગયા હતા.કેટલાક લોકોએ ગાયના અવશેષો ટ્રેકટરની ટ્રોલીમાં ભરીને સ્યાના-ગઢ રોડ બ્લોક કર્યો હતો.ટ્રાફિક જામ થતાં પોલીસ ઈન્સ્પેકટરે લોકોને સમજાવવાના પ્રયત્નો કર્યા હતા.સ્થળ ઉપર મઉ,નયાબાસ અને ચિગરાવલી એમ ત્રણ ગામના ૪૦૦ જેટલા લોકો હાજર હતા અને તેઓ રસ્તો બ્લોક કર્યો હતો.ત્યારબાદ તેમણે પોલીસ ચોકી ઉપર પથ્થરમારો શરુ કર્યો હતો અને પોલીસ ચોકીની આસપાસ પડેલા વાહનો સળગાવી દીધા હતા.દરમિયાન પોલીસ ઈન્સ્પેકટર સુબોધકુમારનું મોત નિપજયું હતું.તેમના મોતનું કારણ ખાનગી ગોળીબાર કે પથ્થરમારાથી થયું છે તે સ્પષ્ટ થયું નહોતું.ભીડ અને પોલીસ વચ્ચેની અથડામણમાં ચિગરવાલી ગામના યુવાન સુમિતને ગોળી વાગતાં તેનું મૃત્યું થયું હતું.યુવાનનું મોત ખાનગી ગોળીબાર કે પોલીસ ગોળીબારથી થયું તેની તપાસ થઇ રહી છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે ઉશ્કેરાયેલી ભીડે ચીગરાવલી ચોકી બાહર ઊભા રહેલાં વાહનોનો ખુરદો બોલાવી દીધો હતો.પોલીસ અને ખાનગી વાહનોને આગ ચાંપવામાં આવી હતી.પોલીસ સાથે પથ્થરમારા વચ્ચે  પોલીસે અશ્રુવાયુ અને ગોળીબાર પણ કર્યો હતો.જો કે ગામલોકોએ પણ ખાનગી હથિયારોથી ગોળીબાર કર્યો હતો.ઈજાગ્રસ્ત પોલીસ ઈન્સ્પેકટરને લઈ જતાં વાહન પર પણ ગ્રામીણોએ પથ્થરમારો કર્યો હતો.

ગૌહત્યા અને તે પછી સર્જાયેલી હિંસાની તપાસ માટે સીટની રચના થઈ છે.બંને અપરાધના અનુસંધાનમાં એફઆઈઆર દાખલ થઈ છે.તપાસ ટીમ કોની સામેલગીરી છે તેની તપાસ કરશે.

પોલીસઈન્સ્પેકટર સુબોધકુમાર અને અન્ય યુવાન સુમિતની હત્યાના શકમંદ આરોપી બજરંગદળના કન્વીનર યોગેશરાજ નાસી છુટ્યા છે પોલીસ તેની તપાસ કરી રહી છે અન્ય ચાર લોકોને પોલીસે પકડી લીધા છે અને તપાસ ચાલુ છે.



**જાણવા જેવું !**

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# લોકરક્ષકની પરીક્ષાનું પેપર ફુટી જતાં ૯ લાખ પરીક્ષાર્થી રઝળ્યા

પોલીસ લોકરક્ષકની પરીક્ષા શરુ થાય તેના થોડાક કલાકો પહેલાં તે રદ કરવામાં આવી.પરીક્ષાનું પેપર લીક થયાની જાણ થતાં ગુજરાત પોલીસ લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે ઉચ્ચ સ્તરે રીપોર્ટ કર્યો અને મંજુરી મળતાં પરીક્ષાઓ રદ કરવામાં આવી.એક મહિનામાં પરીક્ષાનું પુનઃ આયોજન કરાશે.પેપર લીક થતાં પરીક્ષા રદ કરવાના નિર્ણયથી રાજ્યના લાખો નોકરીવાંચ્છુ યુવકો રઝળી પડ્યા હતા.ફિક્સ પગારના કોન્સ્ટેબલ એટલે કે લોકરક્ષકની ૯૭૧૩ જગ્યાની લેખિત પરીક્ષા માં ૮,૭૬,૩૫૬ ઉમેદવારો પરીક્ષા આપવાના હતા.નિષ્પક્ષ ભરતી થાય તે માટે પ્રત્યેક ઉમેદવારને તેના રહેણાંકથી ઓછામાં ઓછું ૧૫૦ કીમી.દુર પરીક્ષા કેન્દ્ર ફળવાયું હતું.પરીક્ષા રદ થયાની જાણકારી મળતાં ઉમેદવારોમાં હતાશા વ્યાપી હતી અને આક્રોશ પણ થયો હતો.

પેપર ફુટી જવાની બાબતે રાજકીય ધમસાણ મચ્યું હતું.આક્ષેપો પ્રતિ આક્ષેપોનો દોર ચાલુ થઈ ગયો છે.ગાંધીનગર સેકટર ૭માં પેપર લીકની ફરિયાદ નોધાઈ છે.રાજ્યના પોલીસ વડાએ પેપર લીક કરનારાઓને ઝડપથી ઝબ્બે કરવાની આશા વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ પેપર લીકની ઘટનાની તાત્કાલિક તપાસ કરવાના આદેશ જારી કર્યા છે.સાથે સાથે તેમણે જણાવ્યુ છે કે હવે પછી જ્યારે પરીક્ષા લેવામાં આવશે ત્યારે તમામ ઉમેદવારોને તેમના ઘેરથી પરીક્ષા કેન્દ્ર સુધી આવવા જવાના એસટી બસનું ભાડું રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે.આ ઘટનામાં સંડોવાયેલાઓ સામે સખ્ત પગલાં લેવામાં આવશે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચ,એટીએસ,ગાંધીનગર પોલીસની એસઓજીની ટીમો સંયુક્ત તપાસમાં લાગી છે.ટુંક સમયમાં ગુનેગારોને પકડી લેવાશે તેવો આશાવાદ ડીજીપી ગુજરાતે કર્યો છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# રસ્તા પર પડેલા ખાડાઓને કારણે પાંચ વર્ષમાં ૧૫ હજાર લોકએ જીવ ગુમાવ્યા છે : આટલા મોત સ્વીકાર્ય નથી : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે પાંચ વર્ષમાં દેશભરમાં માર્ગો પર પડેલા ખાડાને કારણે મોટી સંખ્યામાં થતાં મોતના મામલે ચિંતા વ્યકત કરી છે. પાંચવર્ષમાં૧૪,૯૨૬ લોકો મોતને ભેટ્યા છે.આ કેસની સુનાવણી જાન્યુ.સુધી મોકુફ રખાઈ છે. જસ્ટીસ મદન બી.લોકુરની આગેવાની હેઠળની બેન્ચે કહ્યુ હતું કે ખાડાને કારણે મોતની આટલી મોટી સંખ્યા કોઈપણ રીતે સ્વીકાર્ય નથી.અને તે કદાચ આંતકી દ્વાર સરહદે માર્યા જતા લોકોની સરખામણી કરતાં વધુ છે.બેન્ચે ઉમેર્યું હતું કે ૨૦૧૩ થી ૨૦૧૭ માં ખાડાને કારણે થતા અકસ્માતમાં મોતની સંખ્યા દર્શાવે છે કે સબંધિત સત્તાવાળાઓ માર્ગોની જાળવણી નથી કરતાં. રોડ સેફટી અંગેની સુપ્રીમ કોર્ટની રોડ કમિટિએ ફાઈલ કરેલા રિપોર્ટના આધારે બેન્ચે કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે.

## જાણવા જેવું !

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# કાળુ નાણું ડામવાના પ્રયોગરુપે કરાયેલો અખતરો નિષ્ફળ નિવડ્યો : ઓમપ્રકાશ રાવત

દેશના ૨૨માં મુખ્ય ચુંટણી અધિકારી તરીકે ઓમપ્રકાશ રાવત નિવૃત થઈ ગયા બાદ તેમના પ્રથમ નિવેદનમાં તેમણે નરેન્દ્ર મોદી સરકારને આંચકો આપે તેવો દાવો કરતાં કહ્યુ હતું કે નોટબંધીથી કાળા નાણાંને કોઈ અસર થઈ નથી.નોટબંધી બાદ થયેલી ચુંટણીમાં પણ મોટી સંખ્યામાં રોકડ રકમ જપ્ત કરાઈ છે.જપ્ત કરાયેલી રકમનો આંકડો રુ.૨૦૦ કરોડથી વધુ છે.આનો મતલબ એ થયો કે ચુંટણીમાં જે સ્ત્રોત્રો દરમિયાન પૈસા આવ્યા છે તે અસરકારક છે અને નટોબંધીની તેના પર કોઈ અસર થઈ નથી.ઓમપ્રકાશ રાવતે આ વર્ષે જાન્યુઆરીમાં ચુંટણી પંચના મુખ્ય અધિકારી તરીકે પદ સંભાળ્યું હતું તેમનો કાર્યકાળ ખુબ વ્યસ્ત રહ્યો કારણકે એક વર્ષના સમયમાં દેશના ૯ રાજ્યોમાં ચુંટણીઓ યોજાઈ અથવા યોજાનાર છે.બીજી તરફ ઓપી રાવતનો કાર્યકાળ વિવાદોથી ભરપુર રહ્યો ચે. એમની પર ઓક્ટો.માં પાંચ રાજ્યોની ચુંટણી તારીખની જાહેરાતમા વિલંબ કરવાથી માંડીને દિલ્હીના મતદારોના નામ વોટરલિસ્ટમાં કમી કરવાના આરોપ સામેલ છે.

૧૯૯૭ની બેન્ચના મધ્યપ્રદેશ કેડરના આઈએસ અદિકારી રાવતે સુનીલ અરોરાને પોતાનો પદભાર સોપ્યો છે.તેમણે મીડીયા સમક્ષ નોટબંધીથી લઈને પોતાની ઉપલબ્ધિ અંગેની વાત કરી હતી.જ્યારે તેમને પુછવામાં આવ્યું કે તમારા એક વર્ષના ચુંટણી અધિકારીના કાર્યકાળમાં મોટી ઉપલબ્ધિ કહી હતી. તેમણે કહ્યુ હતું કે ત્રિપુરા,મેઘાલય,નાગાલેન્ડ, અને કર્ણાટકની ચુંટણી યોજાઈ. મારો સંકલ્પ આ રાજ્યોમાં સ્વતંત્ર નિષ્પક્ષ, વિશ્વસનીય ચુંટણી કરાવવાનો હતો. હમણાં સુધી બધુ બરાબર રહ્યું છે.

આગામી ૨૦૧૯ની લોકસભા ચુંટણી દેશના નવા મુખ્ય ચુંટણી કમિશ્નર સુનિલ અરોરાની દેખરેખ હેઠળ થશે.તેઓ ૧૯૮૦ બેચના આઈએએસ અધિકારી છે.અને રાજસ્થાન કેડરમાંથી તેઓ આવે છે. રાષ્ટ્રપતિએ તેમની નિયુક્તિને મંજુરી આપી છે.

# ભારતીય અર્થતંત્રમાં ગ્રાહકોનો વિશ્વાસ ઘટ્યો : આરબીઆઇના સર્વેમાં ખુલાસો કરાયો

મોદી સરકારને આંચકો લાગે તેવા એક અહેવાલમાં રિઝર્વ બેન્કના સર્વેમાં જણાવાયું છે કે ભારતીય અર્થતંત્રમાં ગ્રાહકોનો વિશ્વાસ ઘટી રહ્યો છે.મોદી સરકાર અસ્તિત્વમાં આવી ત્યારથી એટલે કે જુન ૨૦૧૪ થી જ આ સ્થિતિ ચાલુ રહી છે.સામાન્ય આર્થિક સ્થિતિ અંગે ગ્રાહકો હાલમાં કેવો અભિપ્રાય ધરાવે છે તે અંગે કરાયેલા એક સર્વે કરન્ટ સિચુએશન ઈન્ડેકસ(સીએસઆઈ)માં સપ્ટે.૨૦૧૮ના ૯૪.૮ ની સરખામણીમાં નવે.૨૦૧૮માં ઘટીને ૯૩.૯ થયો છે.મોદી સરકાર સત્તામાં આવી તેના થોડાક મહિના પછી એટલેકે નવે.૨૦૧૪માં સીએસઆઈ ૧૧૧ હતો જયારે નવેમ્બર૨લ ૨૦૧૬માં તે ઘટીને ૧૦૯એ પહોંચી ગયો હતો.એક નોંધમાં ઉમેરાયું છે કે હાલની સ્થિતિ ઈન્ડેકસમાં નવે.૨૦૧૬માં શરુ થયેલો ઘટાડો નવે.૨૦૧૮માં વધુ વકર્યો હતો.જે સામાન્ય આર્થિક સ્થિતિ અને રોજગાર મામલા અંગે નિરાશાવાદી ચિત્ર રજુ કરે છે. રિઝર્વ બેન્કના સર્વેમાં ૧૫ મોટા શહેરોનો સમાવેશ કરાયો છે.અને તેમાં સામાન્ય આર્થિક સ્થિતિ, રોજગારનું ચિત્ર અને એકદંરે ભાવની સ્થિતિ તેમજ તેમના પોતાની આવક અને ખર્ચના મામલે ૫૦૦૦થી વધુ લોકોની ધારણાઓ અને અપેક્ષાઓ માંગવામાં આવ્યા હતા.તેમના પ્રતિસાદમાં સ્પષ્ટ છે કે ૪૫.૨ ટકા લોકો માને છે કે હાલની સ્થિતિ એક વર્ષ અગાઉની સરખામણીએ વણસી છે.જ્યારે તેની સામે માત્ર ૩૩.૨ ટકા લોકો માને છે સુધરી છે. નોટબંધી જાહેર થઈ ત્યારે સ્થિતિ અલગ હતી.સર્વે હેઠળના ૪૯.૫ ટકા લોકોનું કહેવું છે કે આર્થિક સ્થિતિ એક વર્ષ કરતાં સારી છે અને તેની સામે માત્ર ૨૯.૫ ટકા લોકો માનતા હતા કે સ્થિતિ વણસી છે.

સોલિડ કાર્બન ડાયોકસાઈડને ડ્રાય આઈસ તરીકે ઓળખવામાં આવે છે.તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# માનવીના કાર્યો તેનો સંદેશો પહોંચાડે છે.

આખું જગત સંદેશ આધારિત ચાલે છે. સંદેશના પાયામાં ભાષા રહેલી છે.જો કે ભાષા સિવાય પણ સંદેશ મોકલી શકાય છે.એનુ ક્ષેત્ર સાંકડુ છે.આપણે સામસામે બેઠા હોઈએ તો નિર્દેશ કરીને કોઈ વસ્તુ મંગાવી શકીએ છીએ. પણ ઈશારાઓની મર્યાદા હોય છે.હું ઈશારાથી પાણી મંગાવી શકું છું.પણ મારી ઓફિસમાંથી કંઈ મંગાવવુ હોય તો મારે ભાષાની જરુર પડે છે. સંદેશાની રીતે જોઈએ તો એક માણસને મનમાં કંઈક વિચાર આવ્યો, તે બીજાની આગળ વ્યક્ત કરે, અને એ પ્રમાણે સામેની વ્યક્તિ એ કામ કરે, તેથી એમ કહેવાય કે સંદેશનું માધ્યમ ભાષા છે.જો માનવજાત પાસેથી ભાષા લુપ્ત થઈ જાય તો સઘળો વ્યવહાર અટકી પડે.કોઈ માણસ પોતાની ઓફિસમાંથી બેસીને વહીવટ ચલાવી ન શકે. ખેડુત ખેતી ના કરી શકે.મજુર મેહનતમાંથી બાકાત થઈ જાય.એક ગામથી બીજે, એક પ્રદેશથી બીજા કે વિશ્વના કોઈ ખુણે સંદેશ મોકલવો હોય તો ભાષાની જરૂરીયાત પડે જ.આ વાત થઈ સંદેશ માટે ભાષાની.પણ સંદેશ એટલે શું? એ તો પ્રશ્ન ઉભો જ રહ્યો છે. ધારો કે મારે કોઈ કામ હોય અને તમને બોલાવવા હોય,તો માણસ મોકલુ તે મારો સંદેશ તમને કહી સંભળાવે અને તમે તે પ્રમાણે અમલ કરો.તમે દેશાવર હોવ તો હુ તમને પત્ર દ્વારા સંદેશો પાઠવુ અથવા ફોનથી સમાચાર આપું. હવે તો સંદેશ માટેના સાધનો વ્યવસ્થા એટલાં તો વધી ગયાં છે કે તમે દુનિયાના કોઈપણ ખુણે કોવ તો પણ બીજી મિનિટે સંદેશ પહોચીં જાય. આજે તો દુનિયા ઘણી નાની બની ગઈ છે.અને સંદેશાનો વ્યવહાર સરળ.

સંદેશ એટલે કહેણ, ખબર, સમાચાર એવો અર્થ થાય છે.આજે આપણે ટી.વીની સ્વિચ પાડીએ અને દુનિયાના બધા જ સંદેશ સંકંડમાં મળી જાય. સવારે છાપામાં જગતની નવાજુનીનો સંદેશ આપણને મળી જાય. એ બધા જ સમાચાર છે. પણ ગાંધીજીએ કહ્યુ છે કે 'મારુ જીવન મારો સંદેશ છે 'આ બાબત એક નવુંજ દ્વાર ખોલી આપે છે. આપણે દર્પણની સામે ઉભા રહીએ તો આપણે કેવા છીએ એનો સંદેશ તે આપણને આપી દે છે. એ રીતે માણસના કાર્યો એનો સંદેશો પહોચાડે છે.જે ઉપદેશકો કે કથાકારો શબ્દોથી સંદેશ પહોચાડી શકતા નથી તે આચરણથી તરત જ પહોચી જાય છે.દીન દુખીયાની સેવા કરવી,કચડાયેલી પ્રજાને દુનીયાના ચોકમાં ઉભી રાખવા માટે જાગૃત કરવી અને સમાજના દુષણોને દુર કરીને સન્માર્ગ બતાવવા માટે જે ભેખ ધરીને ચાલે છે એને શબ્દોથી સંદેશ આપવાની જરુર નથી.એ તો ખભે ખલીતો કરીને નીકળી પડે છે, તો ધીમે ધીમે પ્રજા એની પાછળ ઘસડાય છે,એ જ એમનો સંદેશ અને એજ એમનુ જીવન છે. આપણે આ વિશ્વમાં આપણી આંખ અને કાન ખુલ્લા રાખીએ તો દરેક વસ્તુમાંથી આપણને જીવનનો સંદેશ મળી રહે છે.કીડીઓનુ નિરિક્ષણ કરો તો એમની પાસેથી કેવો મહાન સંદેશો મળી રહે છે. કીડીઓ પાસેથી મહેનતનો મંત્ર મળે છે.વૃક્ષો પાસેથી પરોપકારનો સંદેશો મળે છે.સાગર પાસેથી ઉંડાણ અને આનંદનો સંદેશ પમાય છે. સુર્ય-ચંદ્ર આપણને સમયનો તકાજો સમજાવે છે.આ ધરતી એ સહનશીલતાનો સંદેશો આપે છે.માર્શલ મેકલુહેને તો 'માધ્યમ એ જ સંદેશ છે 'એવી વાત કરી છે.પવન, આપણને શાનો સંદેશો આપે છે.?આ બધાજ માધ્યમ છે.માધ્યમથી જ સંદેશો મેળવી શકાય છે.ટપાલમાં જે સંદેશો આવતો,એના માટે લોકો દિવસોના દિવસો સુધી ઝુર્યા કરતા.

સમયે સમયે સંદેશાના માધ્યમ પણ બદલાતાં રહ્યાં છે.જુના સમયમાં એક રાજા બીજા રાજને પોતાનો સંદેશો કાપડમાં લખીને સૈનિક દ્વારા મોકલતો, ભરી સભામાં તે વાંચવામાં આવે,પછી એનો પ્રત્યુત્તર આપવામાં આવતો.ઘણા કબુતરોને માધ્યમ બનાવીને પોતાના સંદેશાઓની આપ લે કરાવતાં. ટપાલ તો ઘણી મોડી આવી. પણ આજેય ટપાલ દ્વારા સંદેશની આપ-લે થાય છે.ઝડપી સંદેશા તાર દ્વારા મોકલાતા. અત્યારે તો સંદેશના માધ્યમોએ દુનિયાને મુઠ્ઠીમાં કરી લીધી છે.સંદેશા દ્વારા સામેની હકીકત જાણી શકાય છે.સંદેશાથી માણસના મનની દશાનો ખ્યાલ આવે છે.સંદેશો જ સાચી પરિસ્થિતિનો તાગ મેળવવામાં કામ લાગે છે.સવારે સમાચાર પત્ર આપણને આખા વિશ્વની નવાજુનીઓ સંદેશ આપી દે છે. ક્યાં શુ થાય છે અને કેવી પરિસ્થિતિ છે, તે સંદેશા દ્વારા જાણી શકાય છે. ક્યાંક આગ લાગે તો તરત ફાયરબ્રિગેડને સંદેશ પહોચાડાય છે. તેથી તે દોડી આવે છે. આ બધી સંદેશા વ્યવહારની સામાન્ય વાત થઈ.

એ સિવાય પણ સંદેશો આપી શકાય છે. જે ઘણાના જીવનને સીધો સ્પર્શે છે. કોઈ મહાન માણસને પુછવામાં આવે છે કે પ્રજા માટે તમારો સંદેશ શું છે ?અહીં સંદેશનો આખો અર્થ ફરી જાય છે.ધર્માચાર્યો જે સંદેશ આપે છે, એ માણસને જીવનની દિશા સુચવે છે. કોઈને ઉત્તમ પુસ્તક લખ્યુ હોય, એનો સંદેશ કંઈ જુદા જ પ્રકારનો પ્રભાવ પાડતો હોય છે.તો ક્યારેક માણસને આત્માનો અવાજ સંદેશો આપતો હોય છે.જોન વ્હાઈટહેડે કહ્યુ છે 'બાળકો એક જીવંત સંદેશ છે જે આપણે એવા એક સમયમાં મોકલીએ છીએ કે જે આપણે કદી જોઈ નહીં શકીએ 'આપણે જાણીએ છીએ કે બાળક તો પ્રભુનો પયગંબર છે.જ્યાં સુધી બાળકો આ ધરતી પર આવતાં રહેશે ત્યાં સુધી સ્વર્ગ અહીં જ છે. કેટલાંક અજ્ઞાત સંદેશ મળતા હોય છે. આ અનંતની પાર પ્રાણવાહક સુના સંદેશ લઈ જવા માટે મહાદેવી વર્માએ કહ્યુ છે આ જગતમાં દરેક જીવ કંઈ ને કંઈ પ્રાપ્ત કરવા માટે કોઈને કોઈ સંદેશ મેળવવા માટે, મથામણ કરતો જ હોય છે. પરમાત્માએ તો આપણને ચોમેરથી સંદેશાનો વરસાદ વરસાવ્યો છે. પણ એને ઝીલનાર કોણ ?ઈટાલીયન અભિનેત્રી એલેનોરા દુસે (૧૮૫૮-૧૯૨૪)કહ્યુ છે 'જો ભુરા આકાશને જોઈને તમારુ ચિત્ત પ્રસન્ન થઈ જતુ હોય, જો પ્રકૃત્તિ દ્વારા પાઢવવામાં આવતા સરળ સંદેશાઓ તમે સમજી શકો તો તમારો આત્મા હજી જીવિત છે ' જે પ્રકૃત્તિને માણી શકતા નથી એ જીવે કે મરે તેથી કોઈ જ ફરક પડતો નથી.પ્રકૃત્તિ સાચા જીવનનો સંદેશ આપે છે.એ સંદેશને પચાવવાની ક્ષમતા આપણે ગુમાવી બેઠા છીએ.

ઈશ્વર આપણી સાથે સતત વાત કરતો રહે છે. સારી કે ખરાબ ઘટનાઓ પણ એનો જ સંદેશ હોય છે. એ સંદેશને આપણે વાંચી શકીએ તો એનું આંતરસત્વ પામી શકાય છે. મેલકમ મગરીજી કહ્યુ છે ' દરેક નાની કે મોટી ઘટના એક ઉદાહરણ કથા છે.જેના દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે.અને જીવને આપણે એ સંદેશને પ્રાપ્ત કરવાનો છે.આપણે ભલે માનતા હોઈએ કે કોઈ અનિષ્ટ ઘટના ઘટી છે,પણ એય એનો સંદેશ હોય છે. એની લીપીને આપણે ઉકેલવાની રહે છે.'આપણે કોઈ ધાર્મક ગ્રંથ વાંચતા હોય, તો આપણને એમાંથી સંદેશો મળતો હોય છે.ડો.સ્યુસે કહ્યુ છે ' ધર્મગુરુઓએ વાત કરી કે આ ધાર્મિક ગ્રંથમાં કેટલો સારો સંદેશો છે !તમે કંઈ પણ કરો,કોઈ ને કોઈ હંમેશાં તમારા ગ્રંથમાના ગર્ભિત અર્થો વધારશે ' આપણે જાણીએ છીએ કે, હોઠ દ્વારા જ આપેલો સંદેશો કાનને સ્પર્શીને જતો રહે છે.પણ હ્યદયનો સંદેશ હ્યદય સુધી પહોચે છે.બીલ ગોથાર્ડે કહ્યુ છે કે ' મગજમાં તૈયાર થયેલો સંદેશો બીજા મગજ સુધી પહોચે છે.જ્યારે જીવન દ્વારા પ્રસારિત સંદેશ અન્ય જીંદગીને પ્રભાવિત કરે છે. '

ડૉ.કિશોરસિંહ સોલંકી (સૌ.સંદેશ)


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચુંટણીમાં કોગ્રેસની જીતને બિરદાવતા પુર્વ કોગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી



મધ્યપ્રદેશ,રાજસ્થાન,અને છત્તીસગઢમાં કોગ્રેસે વિધાનસભાની ચુંટણીઓમાં બહુમતી મેળવીને સત્તા હાંસલ કરી તેનાથી પ્રભાવિત થતાં તેમણે કહ્યુ હતું કે ભાજપની નકારાત્મક રાજનીતિ વિરુધ્ધ કોગ્રેસની જીત થઈ છે.તેમણે કહ્યુ હતું કે હું વિધાનસભા ચુંટણીના પરિણામોથી ખુશ છું.આજે દેશ પીએમ મોદી અને ભાજપથી ખુશ નથી. તેમણે કહ્યુ કે અમારી લડાઈ ભાજપની વિચારધારા સામે છે.અને અમે તેમને હરાવ્યા છે.અને ૨૦૧૯માં પણ હરાવીશું.કોગ્રેસ પાર્ટી 'મુક્ત' કરવાની વિચારધારામાં વિશ્વાસ રાખતી નથી.વિપક્ષાને ખતમ કરવાની વિચારધારા ભાજપની છે. મધ્યપ્રદેશમાં કોગ્રેસે ૧૧૪ સીટો પર જીત મેળવી છે અને તેને સાત અન્ય સભ્યોનું સમર્થન મળ્યું છે ભાજપને કોગ્રેસના મુકાબલે પાંચ સીટો ઓછી મળી છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

ગ્રેહામ ગિન્ડના બ્રાઈટન અર્ખ નામના પુસ્તકની પ્રથમ એડીશનની કિંમત એશી હજાર રુપીયા બોલાય છે.

સેક્સી સ્ટાર ડેની મુરને સ્ટ્રીપ્ટીઝમાં કામ કરવા માટે છત્રીસ કરોડ રુપીયા મળેલા છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.